**ફોજદારી કેસ નંબર : ૬૪૯૨/૨૦૧૫**

**// આંક–૧ લગત હુકમ //**

***( ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦(૨) અન્વયે)***

(૧) આ કામે આરોપી સામે ફરિયાદીએ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬,૪૨૦,૪૧૭, ૧૨૦(બી) મુજબની ખાનગી ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને ત્યાર બાદ ફરીયાદી ને સાંભળી હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬,૪૨૦,૪૧૭, ૧૨૦(બી) મુજબના ગુન્હાના સમન્સ કાઢવામા આવેલ.આ કામે આરોપીને સમન્સ બજવાના તબકકે આંક– ૧૯ થી સમાધાન કરવાની પરવાનગી અરજી આપેલ અને આંક– ૨૦ થી સમાધાન પુરસીસ રજૂ કરી તેઓને આ કામ આગળ ચલાવવું ન હોય જેથી સમાધાન નોંધવા અરજ કરેલ છે. જે બાબતે અત્રેની કોર્ટ દ્રારા સમાધાન કરવાની પરવાનગી આપી અને ફરીયાદીને સમાધાનની હકીકતો તેઓ ને વાંચી , સંભળાવી, સમજાવવામાં આવતા, સમાધાન સ્વૈચ્છા એ તેમજ રાજી ખુશીથી કબૂલ મંજૂર રાખતા હોય રજૂ રાખેલ હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ– ૩૨૦(૨) મુજબ સદરહુ સમાધાન મંજૂર રાખવાનું ન્યાયોચિત જણાય છે અને સમાધાન કરવા હાલના વ્યકિત સક્ષમ હોય તેમજ આરોપી સામેનો આક્ષેપ ધ્યાને લેતા સમાધાનપાત્ર ગુન્હાનો આક્ષેપ હોય અને સદરહુ ગુન્હામાં સમાધાન થયેલ હોય આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાપણું રહેતું ન હોય, ન્યાય ના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરહુકમ //**

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૩૨૦(૨)(૮) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૪૦૬,૪૨૦,૪૧૭, ૧૨૦(બી) ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૨માહે નવેમ્બર,૨૦૨૨ ના રોજ ખુલ્લી રાષ્ટ્રીય લોક અદાલત માં વાંચી , સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૨/૧૧/૨૦૨૨
સ્થળ :– અમદાવાદ(ગ્રામ્ય)

**(અશ્વિન છગનભાઈ સખીયા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય).
**U.I.Code No. GJ01418**